ભૂમિકા

''शरीरमाद्यं खलु धर्मसाधनम्''

મનુષ્ય માટે શરીર ધર્મનું સાધન છે તે જ ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર છે. તેમાં રહીને જ મનુષ્ય પુરુષાર્થ કરતો અમરત્વને પ્રાપ્ત કરે છે અથવા તો પુરુષાર્થહીન થઈ અધોગતિને પણ પામે છે. બ્રહ્મલોકની પ્રાપ્તિ પણ શરીર જ કરાવે છે. પરંતુ તેના માટે શરીરનું સ્વાસ્થ્ય અનિવાર્ય છે અને શરીર સ્વસ્થ રાખવા માટે આવશ્યક છે, ઔષધિવિજ્ઞાન. આથી તેનું મહત્ત્વ દર્શાવવા માટે 'વેદોમાં ઔષધિવિજ્ઞાન' એક અધ્યયન ને મેં એમ.ફિલ. ની પદવી માટેના લઘુશોધનિબંધ માટે વિષય તરીકે પસંદ કર્યો હતો અને એ સંશોધનકાર્ય પૂર્ણ કરી પદવી સંપાદિત કરી લીધી. પરંતુ આ કાર્ય કરતાં કરતાં જ મારો ઔષધિવિજ્ઞાન પ્રત્યેનો લગાવ વધુને વધુ ગાઢ બનતો ગયો અને આજ વિષય ઉપર વધારે અભ્યાસ કરવાની રુચિ જાગ્રત થઈ. આથી આ વિષય ઉપર કામ કરી શકાય કે કેમ ? તે અંગે મેં શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજના સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ. શોભનાબેન. સોલંકી સાથે ચર્ચા કરી. તેમણે મને એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના સંસ્કૃત વિભાગમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત ડૉ. નીનાબેન ભાવનગરીને મળવાનું સૂચન કર્યુ. આથી મારી ડૉ. નીનાબેન ભાવનગરી સાથે આ વિષય પર કામ કરવા અંગે ચર્ચા થઈ આ વિષય અંગે તેમણે ખૂબ જ સુંદર માહિતી આપી અને તેમનાં સૂચનો અનુસાર મેં આ દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું. ચર્ચા વિચારણા અને તજ્જ્ઞ વિદ્વાનોના સૂચન અનુસાર મારા આ શોધનિબંધનું શીર્ષક ''અથર્વવેદ અને કેટલીક પસંદગીની સંસ્કૃત સાહિત્યની કૃતિઓમાં ઔષધિવિજ્ઞાન'' રાખવામાં આવ્યું છે.

આ પ્રમાણે અહીં વિષય નિરૂપણની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આ મહાનિબંધને સાત પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

પ્રકરણ–૧ : आयुर्वेद નો સંક્ષિપ્ત ઇતિહાસ

પ્રકરણ–૨ : अथर्ववेद માં શરીરચના, રોગો અને કૃમિવિવેચન

પ્રકરણ–૩ : अथर्ववेद માં ઔષધિવિજ્ઞાન

પ્રકરણ–૪ : अथर्ववेद માં ચિકિત્સાપ્રણાલી

પ્રકરણ–૫ : આર્ષ મહાકાવ્યોમાં ઔષધિવિજ્ઞાન

પ્રકરણ–૬ : પુરાણસાહિત્યમાં ઔષધિવિજ્ઞાન

પ્રકરણ–૭ : ઉપસંહાર

પરિશિષ્ટ

સંદર્ભગ્રંથ સૂચિ

પ્રકરણ–૧

आयुर्वेद નો સંક્ષિપ્ત ઇતિહાસ

પ્રથમ પ્રકરણમાં આયુર્વેદની પરિભાષા, સ્વરૂપ, અવતરણ, ઉપવેદત્વ વિષેની ચર્ચા કરવામાં આવી છે.

➢ **आयुर्वेद શબ્દની નિરુક્તિ :**

आयुर्वेद શબ્દ બે શબ્દના યોગથી બન્યો છે. आयुः + वेद = आयुर्वेद અર્થાત્ આયુષ્યનો વેદ એટલે આયુર્વેદ. आयुषो वेदः आयुर्वेद

અહીં आयुः અને વેદ શબ્દના અલગ–અલગ અર્થજ્ઞાનની સાથે आयुर्वेद શબ્દનો વાસ્તવિક અર્થ સમજાય છે. તેથી બન્ને શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી છે.

➢ **आयु નું સ્વરૂપ :**

શરીર, ઈન્દ્રિય, મન અને આત્માના સંયોગને आयु કહેવાય છે.

शरीरेन्द्रियसत्त्वात्मसंयोगोधारि जीवितम् ।

नित्यगश्चानुबन्धश्च पर्यायैरायुरुच्यते ॥

શરીર, ઈન્દ્રિયો, સત્વ(મન) અને આત્મા. આ ચારેયનો જે અવિનાભાવ સંયોગ તે આયુષ્ય છે. આ ચારેયમાંથી એકની પણ અનુપસ્થિત આયુષ્યનો નાશ અર્થાત્ મૃત્યુ જણાવે છે.

➢ **વેદ શબ્દનો અર્થ :**

વેદ શબ્દનો અર્થ 'જ્ઞાન' પરમજ્ઞાન થાય છે. √विद् –જ્ઞાને ધાતુમાંથી વેદ શબ્દને વ્યુત્પન્ન કરવામાં આવ્યો છે. √विद् જ્ઞાને (૨જો ગણ) પરસ્મૈપદ वेत्ति येन स वेदः । જેનાથી ઈશ્વરીય જ્ઞાન જાણી શકાય તે વેદ.

અહીં √विद् ધાતુને 'કરણ' અર્થમાં ઘઞ પ્રત્યય લગાડવામાં આવ્યો છે. √विद् ના પ્રયોગો ચાર અર્થોમાં કર્યાં છે.

(૧) √विद् – ज्ञाने (૨જો ગણ) – જેનાથી જ્ઞાન જાણી શકાય.

(૨) √विद् – सत्तायाम् (૪થો ગણ) – જેનાથી અસ્તિત્વનો બોધ થાય.

(૩) √विद् – लाभे (છઠ્ઠો ગણ) – જેનાથી આયુષ્યની પ્રાપ્તિ થાય.

(૪) √विद् – विचारणे (૭મો ગણ) – જેનાથી આયુષ્ય વિષે વિચારણા થઈ શકે.

➢ **आयुर्वेद નું અવતરણ :**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોથી યુક્ત માનવીના જીવનને સફળ બનાવવા માટે સ્વસ્થ રહેવું ખૂબ જ જરૂરી છે. આ શરીરના સ્વાસ્થ્ય માટે બ્રહ્માએ સૌ પ્રથમ આયુર્વેદનું સ્મરણ કર્યું. જેવી રીતે બાળકના જન્મતાંની સાથે જ તેના આહાર તરીકે દૂધની ઉત્પત્તિ માતાનાં સ્તનોમાંથી થાય છે. તેવી જ રીતે આયુર્વેદનું જ્ઞાન પણ સૃષ્ટિની ઉત્પત્તિની સાથે જ ઉત્પન્ન હશે એવી પરંપરા સ્વીકારવામાં આવી છે.

ब्रह्मां स्मृत्वाडयुषो वेदं प्रजापतिमजिध्रहत् ।

सोडश्विनौ तौ सहस्त्राक्षं सोडत्रिपुत्रादीकान्मुनिन ।

બ્રહ્માએ આયુર્વેદનું સ્મરણ કરીને દક્ષ પ્રજાપતિને સમજાવ્યો. દક્ષ પ્રજાપતિએ અશ્વિનીકુમારોને આપ્યું, અશ્વિનીકુમારોએ ઈન્દ્રને અને ઈન્દ્રે આત્રેય ધન્વંતરી, નિમી, કાશ્યપ વગેરે મુનિઓને શીખવ્યો.

આ પરંપરા પ્રમાણે આયુર્વેદનો ઉપદેશ બે વિભાગમાં વહેચાયેલો છે.

(१) दैव उपदेश, (२) लौकिक उपदेश

- ઈન્દ્ર દ્વારા ભારદ્વાજને ઉપદેશ
- चरकसंहिता પ્રમાણે आयुर्वेद નું અવતરણ
- સુશ્રુતસંહિતા અનુસાર અવતરણ
- આયુર્વેદનાં આઠ અંગોનો સંક્ષિપ્ત પરિચય

- અષ્ટાંગ સંગ્રહ અને અષ્ટાંગહૃદય પ્રમાણે અવતરણ
- आयुर्वेद अथर्ववेद નો ઉપવેદ
- આયુર્વેદનું શાશ્વત્વ અને અનાદિત્વ

ઉપર્યુકત મુદાઓની સંક્ષિપ્ત છણાવટ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

પ્રકરણ–૨

अथर्ववेद માં શરીરચના, રોગો અને કૃમિવિવેચન

સર્વ પ્રાણીઓના શરીરની રચના અદ્‌ભુત છે. તેમાંય માનવીના શરીરની રચના તો ચમત્કારિક છે. પરમાત્માની કારીગરીનો પરમાવધિ કહીએ તો તેમાં અતિશયોકિત નથી.

अष्टाचक्रा नवद्वारा देवानां पूरयोध्या।

तस्यां हिरण्ययः कोशः स्वर्गो ज्योतिषावृतः ॥

જેમાં આઠ ચક્ર અને નવ દ્વાર છે. દેવશકિતઓની પુરી(નગરી) આ અયોધ્યા છે. એમાં જે તેજસ્વી કોશ છે તે તેજસ્તિાથી યુકત થઈને સ્વર્ગીય આનંદથી પરિપૂર્ણ છે.

➢ **શરીરમાં દેવતાઓનું સ્થાન :**

મનુષ્યના શરીરમાં બધા દેવોએ વાસ્તવ્ય કર્યું છે. તેઓ મનુષ્યના મૃત્યુ સમયે જ અહીંથી જાય છે. આપણા શરીરમાં કયા દેવો કયાં રહે છે. તેનું વર્ણન અહીં આપવામાં આવ્યું છે.

વિશ્વના દેવો – શરીરમાં દેવતાંશ	વિશ્વના દેવો – શરીરમાં દેવતાંશ
પરબ્રહ્મ – જીવ	લોહિની – રક્ત
સૂરજ – નેત્ર	દ્યોઃ – મસ્તક
ભૂમિ – નાસિકા	અંતરિક્ષ –નાભિ–ઉદર
આપઃ – રસના	પૃથ્વી – પગ
અગ્નિ – વાણી	પર્વત – પર્વ
દિશા – કાન	મૃત્યુ – વીર્ય (રજ)
વાયુ – પ્રાણ	અશ્વિનૌ – શ્વાસ–ઉચ્છ્વાસ
ઔષધિ – કેશ	

➢ **દેવતાઓ દ્વારા લાભ :**

વિશ્વમાં સૂર્ય, ચંદ્ર, વાયુ, વિદ્યુત, અગ્નિ વગેરે વિશ્વવ્યાપક દેવતાઓ છે. એમના અંશ આપણા શરીરમાં રહેલા છે. શરીરમાં જે અંશ રહે છે તે બહાર મોટા દેવોના અંશ હોવાથી અથવા એમનો પિતા–પુત્ર જેવો સંબંધ હોવાને લીધે એ સંબંધથી આપણે મોટો લાભ ઊઠાવી શકીએ છીએ. જેમકે :

સૂર્યનો અંશ નેત્ર છે તેથી નેત્રનું આરોગ્ય સૂર્યનાં કિરણોથી વધી શકે છે. તો પ્રાણની શકિત બહારના વાયુથી વધે છે. આ પ્રમાણે બાહ્ય વિશ્વના બધા દેવતાઓ આ શરીરની અંદર રહેનારા પોતાના અંશરૂપ પુત્રોનું પાલન કરી રહ્યા છે. એનો અનુભવ આપણને દરરોજના વ્યવહારમાં પણ થઈ શકે છે.

➢ **ઉપનિષદ્‌માં શરીરનું વર્ણન :**

કઠઉપનિષદ્‌માં કહેવાયું છે કે આત્મા રથનો સ્વામી છે. શરીર તેનો રથ છે. બુદ્ધિ તેનો સારથિ અને મન લગામ છે અને ઈન્દ્રિયરૂપી ઘોડાઓ આ રથને જોડયા છે. જે વિષયોના ક્ષેત્રમાં હરેફરે છે.

આ પ્રકારે આ શરીર રચના દેવોનું એક વિલક્ષણ કાર્ય છે. આ એક અદ્‌ભુત રચના છે. આજ દેવોનું મંદિર છે અને આજ સપ્તઋષિઓનો આશ્રમ છે. પ્રત્યેક મનુષ્યને પ્રાપ્ત થયો છે. આ શરીરરૂપી રથ અને ઈન્દ્રિયોરૂપી અશ્વની સુદૃઢતા અને સ્વાસ્થ્ય માટે જરૂરી છે. ઔષધિઓ. તાત્પર્ય એ કે અધ્યાત્મમાર્ગે પ્રસ્થાન કરી બ્રહ્મલોક પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોય તો પણ સ્વસ્થ દેહ તો આવશ્યક છે જ અને આ દેહનું સ્વાસ્થ્ય ઔષધિવિજ્ઞાનની અનિવાર્યતા સિદ્ધ કરે છે.

❋ રોગો અને કૃમિવિવેચન :

➢ રોગો ઉત્પન્ન થવાનું કારણ :

મનુષ્યમાં રોગ થવાનું મુખ્ય કારણ રોગપ્રતિકારકશકિત ઓછી થવી. મનુષ્ય નિર્જીવ યંત્ર નથી. યંત્રને પણ આવશ્યક તેલ, ખોરાક અને આરામ આપવામાં આવે છે. જો યંત્રને સતત ચાલુ જ રાખવામાં આવે તો તેનું પણ આયુષ્ય ઘટી જાય છે. તેવી જ રીતે મનુષ્ય શરીરને પણ જો યોગ્ય ખોરાક, આરામ, ઊંઘ ન મળે તો તેની પ્રતિકાર શકિતમાં ઘટાડો થાય છે અને તેના કારણે વિવિધ રોગોનું આક્રમણ થાય છે. તો આયુર્વેદના નિયમ પ્રમાણે એક ઋતુ બદલાતાં બીજી ઋતુ આવે છે. આ સમયગાળા દરમ્યાન ઋતુ બદલાવાના કારણે અનેક રોગો થવાની સંભાવના રહે છે.

➢ કૃમિનો શરીરમાં પ્રવેશ :

કૃમિઓ મનુષ્યના શરીરમાં વિવિધ રીતે પ્રવેશ કરે છે.

કાચું, અડધું પાકું, પૂર્ણ પાકું, વધારે પડતું પાકું જે અન્ન હોય છે, ખેતી વગર જે નિર્માણ થાય છે તેવા ધાન્ય વગેરે પદાર્થોનું ભોજન કરવું. દૂધ, દહીં, છાશ, પાણી વગેરે

પીવું અને અમંગળ લોકોની પથારીમાં સૂવું. આ કારણોથી રોગ કૃમિ દિવસે તેમજ રાત્રે શરીરમાં પ્રવેશે છે. આધુનિક વિજ્ઞાન પણ શરીરમાં વિષાણુઓ કેવી રીતે પ્રવેશે છે તેની સમજૂતી આ જ પ્રમાણે આપે છે.

➢ **કૃમિની ઉત્પત્તિ :**

રોગનિર્માણ કરનારા કૃમિની ઉત્પત્તિ પર્વત, વન, ઔષધિ, પશુ અને જળ આ બધામાં થાય છે.

➢ **કૃમિના પ્રકારો અને દેખાવ :**

કૃમિઓ અનેક પ્રકારના વિવિધ રંગરૂપવાળા હોય છે. કેટલાક સફેદ અને કેટલાક અન્ય રંગના હોય છે. તેમાંથી કેટલાકને ચાર અથવા તેથી વધારે આંખ હોય છે. કેટલાક બે મુખવાળા, પાંચ પગવાળા તેમજ આંગળીઓ વિનાનાં આગળ વધનારાં જેઓ ગધેડાની જેમ ભોંકતા હોય છે.

➢ **કૃમિના નાશ માટે ઉપાય :**

अथर्ववेद સૂકત ૨/૩૧માં કૃમિનો નાશ કરવા માટે બે પ્રકારના ઉપાયો બતાવ્યા છે. (૧) વચા નામની ઔષધિ અને (૨) ઈન્દ્રનો મોટો પથ્થર.

➢ **ગર્ભિણી સ્ત્રીના બાળકને નુકસાન કરનારા કૃમિઓ :**

ગર્ભધારણ થઈ ગયા પછી ગર્ભને સુરક્ષિત રાખવાનો પ્રશ્ન આવે છે. ગર્ભ સારી રીતે પુષ્ટ થઈ દસમા મહિને માતાના પેટમાંથી બહાર આવવો જોઈએ. પરંતુ કેટલાક સંજોગોમાં એવું બનતું હોય છે કે અમુક દોષોના કારણે સ્ત્રીના ગર્ભનું પતન થવા પામે છે અથવા ગર્ભનો વિકાસ અટકી જાય છે.

➢ **ગર્ભિણી સ્ત્રીના બાળકને નુકસાન કરનાર કૃમિઓ :**

આ કૃમિ બે પ્રકારના છે. (૧) દુર્णામા (૨) સુનામા આ કૃમિઓના વર્ણન અથર્વવેદમાં મળે છે. આ કૃમિઓનાં નાશ માટેના ઉપાયની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ—૩

अथर्ववेद માં ઔષધિવિજ્ઞાન

અથર્વવેદ જીવવિજ્ઞાનનો વેદ છે. તેમાં માનવીની નિરામયતા તથા સ્વાસ્થ્ય વિશે પણ ઘણું ચિંતન અને પ્રયોગો જોવા મળે છે. ચારેય વેદો પૈકી સૌથી વધુ ઔષધિવનસ્પતિઓ अथर्ववेद માં આપવામાં આવી છે. સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો ઋગ્વેદમાં ૬૭, યજુર્વેદમાં ૮૧ અને અથર્વવેદમાં ૨૮૯ ઔષધિવનસ્પતિઓના નામો પ્રાપ્ત થાય છે. ત્યાં તેના ગુણ તથા તેની અસરો વગેરેની ચર્ચા પણ કરવામાં આવી છે. વળી મંત્રના જાપ માત્રથી જ મનુષ્યના રોગો દૂર થઈ જાય છે એવું પણ નથી. પરંતુ જે તે મંત્રમાં વર્ણવેલ ઔષધિના પ્રયોગથી તે રોગી ઉપર મનોવૈજ્ઞાનિક અસર પડે છે અને રોગીનો રોગ દૂર થતાં તે શકિતશાળી બની જાય છે.

❋ વિવિધ ઔષધીયગુણો ધરાવતી અનેક વનસ્પતિઓની છણાવટ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

(૧) पृश्निपर्णी :

આ વનસ્પતિનું બીજું નામ ચિત્રપર્ણી છે. તેનાથી રકત પીવાવાળા, ઉન્નતિ રોકનારા રાક્ષસોથી અર્થાત્ કિટાણુઓથી તેમજ ગર્ભપાત કરનારા રોગોથી બચી શકાય છે. ગર્ભવૃદ્ધિ માટે આ ઔષધિ મદદરૂપ બને છે.

(૨) जीवन्ती :

જીવન્તી ગુજરાતીમાં દોડી, ખરખોડી તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં તેમજ દક્ષિણ ગુજરાતમાં પણ તે જોવા મળે છે.

જીવન્તી ના વેલાને અનેક શાખાઓ હોય છે. આ વનસ્પતિના કાચા ફળનું શાક અને પાનની ભાજી બનાવી ખવાય છે. નિયમિત ખાવાથી શકિતમાં વધારો થાય છે.

જીવનને માટે હિતકર એ જીવન્તી. પ્રાણશકિત આપનાર જીવનને નીરોગી રાખનાર જીવા, જીવનીયા એવા બીજા પણ તેના નામો આ જ અર્થવાળા છે. આ વનસ્પતિનું નામ જીવન્તી આપીને એનો એક ઉત્તમ વનસ્પતિ તરીકે અભિષેક કરેલો છે. પ્રાચીન આચાર્યોએ તેને શાકશ્રેષ્ઠ તેમજ ચક્ષુષ્યા કહી છે. હાલના વૈદ્યોએ આ ગુણોનું સંશોધન કરવું જોઈએ.

(૩) ब्राह्मी :

अथर्ववेद સૂકત ૪/૩૭ માં આ વનસ્પતિનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ વનસ્પતિ સ્ત્રીઓને પીડા આપનારા કૃમિઓને દૂર કરનારી છે.

(૪) दूर्वा :

સહસ્રકાણ્ડ વનસ્પતિનું પ્રસિદ્ધ નામ દૂર્વા છે. જયાં પાણી હોય છે તે સ્થાને તેની પુષ્કળ ઉત્પત્તિ થાય છે. દરેક કાણ્ડમાંથી એટલે કે સાંધામાંથી તે સતત વધતી રહે છે.

अथर्ववेद સૂકત–૨–૭ માં દૂર્વા વનસ્પતિની પ્રશંસા કરતાં કહેવાયું છે કે આ વનસ્પતિના પ્રયોગથી શાપ આપવાની ક્રોધી વૃત્તિ દૂર કરી શકાય છે.

(૫) वरुणवृक्ष :

अथर्ववेद માં જેને વરણ કહેવાયું છે તે જ વૃક્ષને સંસ્કૃત ભાષામાં વરુણ કહેવાય છે. આ વરુણવૃક્ષમાંથી બનાવવામાં આવતી ઔષધિ યક્ષ્મરોગને દૂર કરનારી છે.

(૬) भगवती–तारका :

अथर्ववेद સૂકત–૨–૮ માં भगवती–तारका આ બે ઔષધિઓનું વર્ણન પ્રાપ્ત થાય છે. જે શરીરની ક્રાંતિ વધારનારી છે તથા ક્ષેત્રિય રોગો દૂર કરનારી છે.

(૭) सुभगा અને तारका :

સૂકત ૩/૭ માં આ વનસ્પતિનું વર્ણન આપવામાં આવ્યું છે. આ વનસ્પતિ પેઢી દરપેઢી ઊતરી આવતા રોગોને દૂર કરનારી છે.

(૮) उपजीका :

આ વનસ્પતિ મરુદેશમાં જળ ઉત્પન્ન કરનારી છે તે જળ વિષનાશક છે. પરંતુ ઉપજીકા વનસ્પતિ હાલ કયા નામે ઓળખાતી હોય અને કયાં ઉત્પન્ન થતી હોય તેનું વર્ણન કયાંય પ્રાપ્ત થતું નથી.

(૯) वचा :

આ ઔષધિ કૃમિનો નાશ કરનારી છે. આ ઔષધિ આંખ વડે દેખાતા કે ન દેખાતા તેમજ ભૂમિ ઉપર લપસનારા અનેક પ્રકારના કૃમિઓનો નાશ કરનારી છે.

(૧૦) પાટા :

પાટા વનસ્પતિનું વર્ણન અથર્વવેદ સૂકત ૨–૨૭ માં છે. આ વનસ્પતિ વિજય અપાવનારી છે. મનુષ્ય જયારે એક બીજા સાથે વાદ–વિવાદ કરે ત્યારે પાટા વલ્લીને મોઢામાં રાખે અથવા તો ગળા ઉપર બાંધે તો બોલતી વખતે અવાજ ઉત્તમ રહે છે અને વધારે બોલવાથી થનારા કષ્ટો થતા નથી. આવા પ્રકારના ઉલ્લેખો વૈદકગ્રંથોમાં પણ પ્રાપ્ત થાય છે.

(૧૧) રામા–કૃષ્ણા :

આ વનસ્પતિનું પોષણ રાત્રિના સમયે થાય છે. તેમાં રંગ ચઢાવવાનું (રંગસૂત્રોને પુષ્ટ કરવાનું) સામર્થ્ય છે. તેથી તેના લેપથી સફેદ કોઢ દૂર થાય છે.

(૧૨) શ્યામા આસુરી વનસ્પતિ :

આસુરી વનસ્પતિ કુષ્ઠ રોગ દૂર કરનારી છે. સૂકતમા કહેવાયું છે કે આ આસુરી વનસ્પતિ યુદ્ધમાં વપરાતા શસ્ત્રથી જીતાઈ ગઈ તેથી તેણે વનસ્પતિનું રૂપ ધારણ કર્યું.

➢ કેશવર્ધિની વનસ્પતિઓ :

અથર્વવેદ માં તંદુરસ્ત, મજબૂત, લાંબા કાળાને સુવાળા વાળ માટે ઉપયોગી વનસ્પતિઓનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. તેમાં કેશવર્ધિની વનસ્પતિ અંગેના કુલ ચાર સૂકતો પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે છે. છઠ્ઠા કાંડનું ૨૧ સૂકત ૨, ૩ મંત્ર, ૩૦ સૂકત ૨, ૩ મંત્ર, ૧૩૬ સૂકત ૧, ૨, ૩ મંત્ર, ૧૩૭ મું સૂકત ૧, ૨, ૩ મંત્ર.

આ સૂક્તોમાં નિતત્ની, શમી, રેવતી અને શતાવરી નામની વનસ્પતિઓ વાળ વધારવા માટે ઉપયોગી બતાવી છે. તેની વિસ્તૃત ચર્ચા મહાનિબંધમાં કરવામાં આવી છે.

પ્રકરણ–૪

અથર્વવેદ માં ચિકિત્સાપ્રણાલી

આયુર્વેદ એક નિર્દોષ ચિકિત્સા પદ્ધતિ છે તે અંતરાત્મામાં સ્થિર થઈ સમાધિ અવસ્થામાં શોધેલી સ્વાસ્થ્યની ચાવી છે.

વેદમાં કેવળ અધ્યાત્મ કે કર્મકાંડ જ નથી એ જીવવિજ્ઞાન પણ છે. માનવજીવનને સ્પર્શતા અનેક વિજ્ઞાનોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એ પૈકીનું એક શરીરસ્વાસ્થ્યને લગતું વિજ્ઞાન છે. સ્વાસ્થ્ય જાળવવા માટે અપનાવાતી ચિકિત્સાની જુદી જુદી પદ્ધતિઓનો અણસાર વૈદિક સાહિત્યમાં મળે છે. જેમકે ઔષધિચિકિત્સા, જળચિકિત્સા, સૌરચિકિત્સા, વાયુચિકિત્સા, અન્નચિકિત્સા, માનસચિકિત્સા, શસ્ત્રચિકિત્સા, હવનચિકિત્સા, રંગીન ગાયના દૂધની ચિકિત્સા. પ્રકરણમાં નિમ્ન પ્રકારની ચિકિત્સા પદ્ધતિઓનું નિરૂપણ થયું છે.

(૧) સૂર્યકિરણચિકિત્સા પદ્ધતિ :

સૂર્યના હજાર કિરણોમાંથી મુખ્ય સાત કિરણો જ અતિ ઉત્કૃષ્ટ છે. વેદોમાં આ સાત કિરણોનું વર્ણન અનેક સ્થળોએ પ્રાપ્ત થાય છે. આ કિરણો અનેક રોગો દૂર કરનારા છે.

અથર્વવેદમાં કહેવાયું છે કે સૂર્યના કિરણો શરીર ઉપર લેવાથી માથાના રોગ, કાનના રોગ, પેટના રોગ, પાંડુરોગ, કમળો તેમજ બીજા કેટલાંક રોગો દૂર થાય છે. જો

કે સૂકતમાં ફકત એટલું જ કહેવાયું છે કે સૂર્યના કિરણોથી ઉપર જણાવેલા અનેક રોગો મટે છે.

(૨) જળચિકિત્સા :

આકાશમાંથી પવિત્ર અમૃતજળની ઉત્પત્તિ થાય છે. આ અમૃતજળ અનેક વિપત્તિને દૂર કરનારું છે.

➢ **દીર્ઘજીવનનું સાધન જળ :**

મનુષ્ય તેમજ અન્ય પ્રાણીઓના દીર્ઘજીવનનું સાધન જળ છે. ज्योक च सूर्यं दृशे। અર્થાત્ ''ઘણા દિવસો સુધી સૂરજનું દર્શન કરીશું.'' આ આપણા સમાજમાં કહેવત છે એનો અર્થ એવો લઈ શકાય કે ''હું ઘણા દિવસો સુધી જીવતો રહું'' એટલે કે પાણીના ઉપયોગથી દીર્ઘજીવન પ્રાપ્ત કરવું સંભવનીય છે. ज + ल = जल જે જન્મથી તો લય સુધી ઉપયોગી છે તે જળ.

➢ **જળ ઔષધિ છે :**

જળએ અમૃત છે. એટલે જીવનરૂપ રસ જ પાણી છે. જળમાં બધી જ ઔષધિઓ સમાયેલી છે. મરણમાંથી બચાવનારને અમૃત કહે છે અને શરીરના દોષોને ધોઈ શરીરની નિર્દોષતા સિદ્ધ કરનારને ભેષજ કહે છે. આ જળ બધા ગુણોથી યુકત હોવાથી જ કહેવાયું છે કે જળ અત્યંત કલ્યાણ કરનારો રસ છે.

(૩) હવન ચિકિત્સા :

હવનથી અનેક પ્રકારના રોગો દૂર થઈ શકે છે તથા દીર્ઘાયુ પણ પ્રાપ્ત થાય છે. હવનમાં વિવિધ ઔષધિઓને (નાખવામાં) હોમવામાં આવતી હોય છે. આ ઔષધિ દ્રવ્યોમાંથી ઉત્પન્ન થતો ધૂમાડો અનેક પ્રકારના જીવાણુઓને ઉત્તમ પ્રકારે નાશ કરે છે.

(૪) રંગીન ગાયના દૂધથી ચિકિત્સા :

अथर्ववेद માં રંગીન ગાયના દૂધથી રોગીની ચિકિત્સા કરવાનો વિધિ પણ કહ્યો છે. ગાયો સફેદ, લાલ, કાળી, કાબરચીત્રિ(કપીલા), બદામી, કથ્થાઈ એમ જુદા જુદા રંગની હોય છે. સૂરજના કિરણો આ ગાયના પીઠ ઉપર પડતા હોય છે અને આ રંગભેદ અનુસાર તેના દૂધ ઉપર પરિણામ થાય છે. જેમકે સફેદ ગાયના દૂધના પરિણામ કાળી ગાયના દૂધથી ભિન્ન હશે.

અહીં સૂકતમાં લાલ ગાયના દૂધથી તેમજ ગોરસના ઉપયોગથી હૃદયરોગ અને કમળો દૂર થાય છે. એમ કહેવાયું છે.

(૫) શલ્ય ચિકિત્સા :

ऋग्वेद માં અશ્વિનીકુમારોની શલ્યક્રિયા વિષેના ઉલ્લેખો આશ્ચર્ય પમાડે તેવા પ્રકારના છે. अथर्ववेद માં વ્યભિચારી પુરુષને પુરુષત્વહીન બનાવવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેમાં વ્યભિચારી પુરુષના બંને અંડકોશોનો નાશ કરવાનું જણાવ્યું છે. તો એક સ્થળે ઘોરી નસ તૂટી જવાથી વહેતું લોહી બંધ કરવા માટે ધમનીઓને બાંધવાની શસ્ત્રક્રિયાનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અથર્વવેદના અનુશીલત ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે સમયમાં આ વિવિધ આયુર્વેદીય ચિકિત્સા પદ્ધતિનો ઉપયોગ થતો હોવો જોઈએ. તેથી જ તો આયુર્વેદને અથર્વવેદનો ઉપવેદ માનવામાં આવે છે.

પ્રકરણ–૫

આર્ષ મહાકાવ્યોમાં ઔષધિવિજ્ઞાન

આ પ્રકરણને પેટાવિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

૫.૧ વાલ્મીકિ રામાયણમાં ઔષધિવિજ્ઞાન

૫.૨ મહાભારતમાં ઔષધિવિજ્ઞાન

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિની ગણના અતિ ઉદાર અને માનવતાથી મઘમઘતી સંસ્કૃતિ તરીકે ગણના થાય છે. વિશ્વની અનેક સંસ્કૃતિ કાળની ગર્તામાં વિલીન થઈ ગઈ પરંતુ ભારતીય સંસ્કૃતિ ધ્રૂવ તારકની જેમ વર્તમાન યુગમાં પણ ટકી રહી છે. તેના પાયામાં રામાયણ અને મહાભારત જેવા મહાન ગ્રંથો છે. આ બંને વીરચરિત કાવ્યોને આપણાં આર્ષ મહાકાવ્યો તરીકે ઓળખાવવામાં આવે છે, કારણકે બંનેના રચયિતાઓ અનુક્રમે વાલ્મીકિ અને કૃષ્ણદ્વૈપાયન વ્યાસ જેવા મહાન ઋષિઓ છે આ બંને ગ્રંથો તત્કાલીન જનજીવન અને સંસ્કૃતિ વિષયક માહિતીનો અણમોલ નિધિઓ છે. બંને આર્ષમહાકાવ્યોના કર્તાઓ અને એમના રચનાકાળ વિષેની વિગતો અને વિદ્વાનોના મતમતાંતરો સંસ્કૃતના અભ્યાસીઓને માટે એટલા બધા જાણીતા છે કે એને વિષે વિસ્તારથી ચર્ચા કરવી અહીં અપ્રસ્તુત અને અસ્થાને છે.

➢ **વાલ્મીકિનું જીવન :**

વાલ્મીકિના જીવન વિષે કોઈ નિશ્ચિત આધારભૂત ઐતિહાસિક માહિતી મળતી નથી. દંતકથા કે પુરાણગ્રંથોના માધ્યમથી જે વિગતો મળે છે. તે પણ એકરૂપ નથી પરંતુ સદ્ભાગ્યે એમના જ રચેલા 'રામાયણ' ના સૌથી પહેલા (બાલકાણ્ડ) અને સૌથી છેલ્લા (ઉત્તરકાણ્ડ) માંથી તેમના જીવનવિષયક કેટલીક માહિતી મળે છે. તેથી ચર્ચા અહીં કરવામાં આવી છે.

➢ **રચનાકાળ :**

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં કૃતિના રચનાકાળ વિશે સામાન્ય રીતે અનુમાનો જ તારવવામાં આવતા હોય છે. અહીં વિવિધ વિદ્વાનોના અનુમાનોની ટૂંકમાં ચર્ચા કરવામાં આવી છે.

૫.૧ વાલ્મીકિ રામાયણમાં ઔષધિવર્ણન :

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં રામાયણ અને મહાભારતને આદિકાવ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આ બન્ને આર્ષ કાવ્યોમાં પ્રસંગવત્ ચિકિત્સા સંબંધી ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

➢ **વૈદ્ય શબ્દ :**

ઔષધિ દ્વારા ચિકિત્સા કરનાર વૈદ્ય શબ્દનો પ્રયોગ સૌ પ્રથમ રામાયણમાં જ જોવા મળ્યો છે. વેદમાં આ શબ્દ ક્યાંય જોવા મળતો નથી ત્યાં તેને માટે भिषक् શબ્દ વપરાયો છે.

યુદ્ધકાણ્ડમાં જે ચિકિત્સા સંબંધી વર્ણનો પ્રાપ્ત થાય છે. તે અનુસાર જોઈએ તો જયારે યુદ્ધભૂમિ ઉપર શકિત નામનું શસ્ત્ર લાગવાથી લક્ષ્મણ મૂર્છિત થાય છે, ત્યારે શ્રીરામે તેને મૃત માની લીધા હતા. ત્યારે વિભીષણે તેમને કહ્યું કે ગભરાવાની જરૂર નથી લક્ષ્મણ મૃત્યુ પામ્યો નથી, પરંતુ મૂર્છિત જ થયો છે. તે સમયે લંકાના પ્રસિદ્ધ રાજવૈદ્ય સૂષેણને ત્યાં બોલાવવામાં આવે છે અને તેના કહેવા પ્રમાણે હનુમાન ઔષધિ લેવા માટે હિમાલય પર્વત તરફ પ્રયાણ કરે છે. પરંતુ તે પર્વત ઉપર તેને આ ઔષધિ ન મળતા આખો ઔષધિ પર્વત ઉંચકી લાવ્યાનું વર્ણન (યુદ્ધ–કાં–૭૪/૩૩/૩૪) માં પ્રાપ્ત થાય છે. આ ઔષધિઓ આ પ્રમાણે હતી.

मृतसंजीवनीं चैव विशल्यकरणीमपि।

सावर्ण्यकरणीं चैव संघानकरणीं तथा

ताः सर्वा हनुमान्! गृहयक्षिप्रमागन्तुमर्हसि।

(૧) મૃત સંજીવની – મૃત્યુનાશક હતી.

(૨) વિશલ્યકરણી – જે શલ્યનાશક અથવા ચિંતામુકત કરનારી હતી.

(૩) સાવર્ણ્યકરણી – જે શરીરનો વર્ણ પાછો આપનારી હતી.

(૪) સંધાનકરણી – જે અસ્થિભંગને જોડનારી હતી.

આ ઔષધિઓ આવવાથી તેની ગંધથી જ મૂર્છિત લક્ષ્મણ તથા વાનરો જાણે ઊંઘમાંથી જાગીને ઊભા થયા હોય એમ સ્વસ્થ થયા.

➢ **મૃત અને જીવિતની પરીક્ષા :**

શકિત નામનું શસ્ત્ર લાગવાથી જયારે લક્ષ્મણ મૂર્છિત થાય ત્યારે શ્રીરામે તેમને મૃતમાની લીધા હતા તે સમયે લંકાના પ્રસિદ્ધ રાજવૈદ્યે તેમના જીવીત હોવાના લક્ષણ બતાવ્યા હતા.

''એનું મુખ બદલાયું ન હતું. કાળું પડયુ ન હતું અને કાંતિરહિત થયું નથી તે સારી પ્રભાયુકત છે. પ્રસન્ન છે. હથેળીઓ લાલ કમળના સમાન છે. આંખો નિર્મળ છે. મૃત વ્યકિતઓનું એવું રૂપ હોતું નથી.'' હે રામ ! આપનો ભાઈ દીર્ઘાયુ છે. લાંબી આયુવાળાનું જ આવું મુખ હોય છે.

મરણશીલ વ્યકિતના લક્ષણ એનાથી વિપરીત છે.

શરીર નિસ્તેજ બને છે. શરીરના છિદ્રો પુરાઈ જાય છે. મુખ કાળાશ પડતું (ધુમવત્) થઈ જાય છે. સુકા વૃક્ષ જેવું ભયંકર રૂપવિહિન (સૌંદર્યરહિત) દેખાય છે.

➢ **વાલ્મીકિ રામાયણમાં વૃક્ષ વનસ્પતિ :**

વેદોમાં વર્ણવેલી ઘણી વનસ્પતિઓ અપ્રચલિત છે. પરંતુ રામાયણમાં આવતી ઘણી વનસ્પતિ/વૃક્ષો પ્રચલિત છે જેમકે અર્જુન, કદંબ, નીમ્બ, અશોક, અસન, સપ્તવર્ણ વગેરે.

➢ **ચિકિત્સાલક્ષી વર્ણનો :**

રામાયણમાં શલ્યચિકિત્સાના કેટલાક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે સમયે શલ્યચિકિત્સકોને 'શલ્યકૃત્' તરીકે ઓળખતા હતા.

સ્ત્રીઓના ગર્ભાશયની શલ્યક્રિયા તે સમય થતી હોવી જોઈએ. કારણ કે સીતા હનુમાનને લંકામાં કહે છે કે 'જો રામ યોગ્ય સમયે આવી મારી રક્ષા નહીં કરે તો અનાર્ય રાવણ મારા અંગોને શીઘ્ર તીક્ષ્ણ બાણો વડે કાપી નાખશે જેવી રીતે શલ્યચિકિત્સક ગર્ભસ્થિત બાળકને (બહાર) કાઢવા માટે ગર્ભને તેજ ઓજારો વડે કાપી નાખે છે.'

આ ઉલ્લેખ પરથી એવું સાબિત થાય કે સ્ત્રીની કઠિન પ્રસવાવસ્થામાં અથવા માતાનું જીવન બચાવવા માટે શલ્યચિકિત્સક ગર્ભાશયની શલ્યક્રિયા કરતા હશે. આધુનિક વિજ્ઞાન પણ આ જ રીત અજમાવે છે.

આ ઉપરાંત શલ્યચિકિત્સા અંગેના અન્ય નિર્દેશો પણ પ્રાપ્ત થાય છે. અહલ્યા સાથે વ્યભિચાર કર્યાના અપરાધ બદલ ગૌતમ ઋષિ ઈન્દ્રને પુરુષત્વહીન થવાનો શાપ આપે છે. પરિણામ સ્વરૂપે ઈન્દ્ર પ્રજનન ક્ષમતા ગુમાવી બેસે છે. અંતે પ્રાર્થના કરવાથી અશ્વિની કુમારોએ મેષ – ઘેટાના અંડકોશ કાઢી ઈન્દ્રને લગાડયા હતા. જેનાથી તેને પુંસ્ત્વ ફરીથી પ્રાપ્ત થાય છે. આને transplantation નો કેસ કહી શકાય !

રામાયણ એક સંસ્કૃત કાવ્યમય રચના છે. કથાપ્રસંગમાં જે પણ ઉલ્લેખ મળે છે. એનાથી તત્કાલીન ચિકિત્સાજ્ઞાનની સ્થિતિ સ્પષ્ટ થાય છે. શલ્યચિકિત્સા, ઔષધિચિકિત્સા તે સમયે પર્યાપ્ત ઉન્નિતિ પર હતા એમાં સંદેહ નથી.

૫.૨ મહાભારતમાં ઔષધિવિજ્ઞાન :

- **વેદવ્યાસનું જીવન :**

મહાભારતના મૂળ રચયિતા તરીકે ભગવાન વેદવ્યાસનું નામ સુપ્રચલિત છે. પરાશર વ્યાસ અને મત્સ્યગંધા (સત્યવતી) થી પારાશર્ય વ્યાસ જન્મ્યા. મત્સ્યગન્ધાએ આ પરાશર પુત્રને યમુના નદીના એક દ્વીપ ઉપર જન્મ આપ્યો હતો તથા તે પુત્ર રંગે

શ્યામ હતો. આથી તેનું નામ 'કૃષ્ણ દ્વૈપાયન' પડયું. તેમણે જ વેદોને વ્યવસ્થિત કર્યા હતા. આથી તેમને વેદવ્યાસ કહેવામાં આવ્યા. આજ વેદવ્યાસે મહાભારતની રચના કરી.

➢ **મહાભારતનો રચનાકાળ :**

મહાભારત પ્રાચીન ગ્રંથ છે એ વાતને કોઈ નકારી શકે તેમ નથી યુરોપિયન વિદ્વાનોના અભિપ્રાય અનુસાર મહાભારત ઈ.સ.પૂર્વે ૪૦૦–૫૦૦ વર્ષ પહેલાં જ રચાયેલ હોવો જોઈએ. તે પહેલા એવો કોઈ ગ્રંથ હતો જ નહીં. વળી તેઓ એમ પણ માને છે કે મૂળ મહાભારતમાં પાંડવોની કથા છે જ નહીં; પાંડવો અને કૃષ્ણમાત્ર કવિઓની કલ્પનાનાં પરિણામ છે. આ મત ને ખંડન કરતા ઘણા વિદ્વાનોએ મતો આપેલા છે.

આ પ્રમાણે કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસે ભારતીય જ્ઞાનરૂપી સમુદ્રનું તેમની વિશાળ બુદ્ધિથી મંથન કર્યું હતું. તેના ફલ સ્વરૂપે મહાભારતરૂપી ચંદ્રમાનો જન્મ થયો. જેવી રીતે સમુદ્ર અને હિમાલય રત્નોની ખાણ છે. તેવી જ રીતે મહાભારત પણ મહત્ત્વપૂર્ણ વિશ્વકોષ છે. તે વિવિધ વિષયોથી પરિપૂર્ણ છે. આ જ વિશેષતાને કારણે તેને પાંચમા વેદના સ્વરૂપમાં માનવામાં આવે છે. આવા પ્રકારના મહાભારત વિશે કહેવાયું છે કે –

धर्मे चार्थे च कामे च मोक्षे च भारतर्षभ।

यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित्।

અર્થાત્ (હે ભારત ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું વર્ણન જે મહાભારતમાં કરવામાં આવ્યું છે તે તમામ વર્ણન અન્યત્ર પણ જોવા મળે છે. પરંતુ મહાભારતમાં નથી તો અન્ય કયાંય તેનું વર્ણન નથી.)

➢ **યુદ્ધમાં વૈદ્ય :**

તે સમયે રાજાના ખાનપાન તથા અન્ય વસ્તુઓની દેખરેખ રાખવા તથા યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોને તત્કાળ સારવાર મળી રહે તે માટે વૈદ્યની સદૈવ જરૂર રહેતી હતી. આ વૈદ્યનું નિવાસસ્થાન રાજાની છાવણી નજીક જ રાખવામાં આવતું હતું. તેના તંબૂ ઉપર વિશિષ્ટ ચિહ્નયુકત ધજાઓ રાખવામાં આવતી હતી જેથી વૈદ્યનું સ્થાન દૂરથી પણ જોઈ શકાય તેથી સૈનિકો પોતાની સારવાર માટે ત્યાં પહોચી જાય. આ વૈદ્યો પોતાની પાસે તમામ પ્રકારની ઔષધિઓ અને અન્ય ઉપકરણો રાખતા.

➢ **ચિકિત્સા સંબંધી ઉલ્લેખો :**

મહાભારતમાં ચિકિત્સા સંબંધી ઉલ્લેખો કવચિત્ પ્રાપ્ત થાય છે. શરશૈયા પર પોઢેલા ભીષ્મપિતામહને કષ્ટમુકત કરવા માટે દુર્યોધન શલ્યવિદ્યામાં નિપુણ એવા ચિકિત્સકોને આવશ્યક ઉપકરણો સાથે પિતામહ ભીષ્મ પાસે લાવ્યા હતા. પરંતુ પિતામહે શલ્યક્રિયાનો ઈન્કાર કર્યો અને કહ્યું કે –

દુર્યોધન મારે વૈદ્યોની જરૂર નથી મને હવે જીવવાની આકાંક્ષા નથી હું ધારુ તો વૈદ્યોની સહાય વગર પણ જાતે સારો થઈ શકું તેટલી વિદ્યા મને આવડે છે પણ મારે હવે એ પ્રયોગ અજમાવવો નથી તું વૈદ્યોને પાછા જવાની આજ્ઞા આપ.

➢ **વિવિધ રોગો :**

મહાભારતમાં વિવિધ રોગોનાં વર્ણનો પ્રાપ્ત થાય છે.

- જવરની ઉત્પત્તિ શાંતિપર્વ (અધ્યાય ૨૮૩)

- યક્ષ્મા રોગ
- સ્કંધગ્રહ, સ્કંધાપસ્માર (વનપર્વ– અધ્યાય–૨૩૦)
- પાંડુરોગ
- કુષ્ઠરોગ
- વિવિધ પ્રકારના વિષનો પ્રભાવ અને તેનો પ્રતિકાર
- સ્થાવરવિષને જંગમવિષ નાશ કરે છે.

➢ **વિષ પર મંત્રનો પ્રભાવ :**

મહાભારતમાં વિષ પર મંત્રોનો પ્રભાવ કાશ્યપ દ્વારા તક્ષક સાપે કરડેલા વૃક્ષને પુનઃજીવિત કરવાની કથાથી સ્પષ્ટ થાય છે.

➢ **સંજીવની વિદ્યા :**

સંજીવની વિદ્યા વિષે આદિપર્વમાં એક સરસ લઘુકથા આવે છે જે બૃહસ્પતિ પુત્ર કચ અને શુક્રચાર્યની પુત્રી દેવયાનીના સંદર્ભમાં છે.

➢ **આયુર્વેદનાં આઠ અંગ :**

આયુર્વેદનાં આઠ અંગો વિષેનું વર્ણન સભાપર્વમાં પ્રાપ્ત થાય છે.

આમ મહાભારતના અધ્યયન ઉપરથી સાબિત થાય છે કે अथर्ववेद અને रामायण માં બન્યું હતું તેમ महाभारत માં ઔષધિનો પ્રયોગ વધારે સફળ થયો નથી. ત્યાં રોગના નિવારણ માટે વનસ્પતિ ઔષધિઓને બદલે મંત્રપ્રયોગોનો પ્રભાવ વધારે વર્ણવાયો છે.

પ્રકરણ–૬

પુરાણસાહિત્યમાં ઔષધિવિજ્ઞાન

પુરાણોની સંખ્યા ૧૮ છે. પુરાણોનું કર્તૃત્વ મહાભારતના રચયિતા વેદવ્યાસ સાથે જોડવામાં આવે છે. પુરાણોમાં પ્રલય, સૃષ્ટિની રચના, ઋષિઓનો વંશ, રાજાઓનાં આખ્યાનો, રાજાઓની વંશાવળી વગેરેનું નિરૂપણ તો જોવા મળે છે જ પરંતુ તેમાં સાથે સાથે ચિકિત્સાનાં ઇતિહાસ સંબંધી વર્ણનો પણ પ્રાપ્ત થાય છે.

➢ પુરાણ શબ્દનો અર્થ :

સામાન્ય રીતે પુરાણ શબ્દનો અર્થ 'પ્રાચીન' કે 'પ્રાચીન સમયનું' એવો લઈ શકાય. આ અર્થ પ્રથમ વેદમાં જોઈએ તો 'स ना पुराणमध्येम्यारान्महः पितृर्जनितुर्जामि तन्तः।' અર્થાત્ અમારા પિતા અને જન્મદાતા (સાથે) ના તે પ્રાચીન અને સનાતન સંબંધને હું દૂરથી જાણું છું. श्रीमद्भगवद्गीता માં કહેવાયું છે કે अजो नित्यः शाश्वतोऽयं पुराणः।

➢ વ્યુત્પત્તિ :

યાસ્કાચાર્યે નિરુકતમાં પુરાણ શબ્દને 'पुरा नवं भवति' એમ કહીને સમજાવે છે. પુરા એટલે વસ્તુ કે વિગત જ્યાં નવી થઈ જતી હોય, તે પુરાણ છે. વાયુપુરાણમાં यस्मात् पुरा हि अनति इदं पुराणम् तेन तत् स्मृतम्। આ પ્રમાણે વ્યુત્પત્તિ જોતાં જે પુરા અર્થાત્ પ્રાચીન વસ્તુ કે વિગતને જીવતી રાખે, તે પુરાણ; એવો અર્થ થાય છે.

➢ अष्टादश પુરાણ :

અઢાર પુરાણોનાં નામોનો નિર્દેશ મોટે ભાગે દરેક પુરાણોમાં થયો છે. દેવી ભાગવતમાં (જેનો અઢાર પુરાણોમાં સમાવેશ થતો નથી) આવતા એક શ્લોકમાં પુરાણોના આદિ અક્ષરનો ઉલ્લેખ કરીને પુરાણોની નામાવલિ આ રીતે આપવામાં આવી છે.

मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।

अनापद्लिङ्गकूस्कानि पुराणानि पृथक् पृथक्

અર્થાત્ म થી આરંભ થતા બે (૧) મત્સ્ય, (૨) માર્કણ્ડેય,

भ થી આરંભ બે	(૩) ભાગવત, (૪) ભવિષ્ય,
ब्र થી આરંભ ત્રણ	(૫) બ્રહ્મ, (૬) બ્રહ્માણ્ડ, (૭) બ્રહ્મવૈવર્ત,
व થી આરંભ ચાર	(૮) વાયુ, (૯) વામન, (૧૦) વરાહ, (૧૧) વિષ્ણુ,
अ થી આરંભ એક	(૧૨) અગ્નિ
ना થી આરંભ	(૧૩) નારદ,
पद થી આરંભ	(૧૪) પદ્મ,
लिङ्ग થી	(૧૫) લિઙ્ગ
ग થી	(૧૬) ગરુડ
कू થી	(૧૭) કૂર્મ
स्क થી	(૧૮) સ્કન્દપુરાણ

આ પ્રમાણે પુરાણો કુલ અઢાર છે.

➢ પુરાણના રચનાકાળ :

પુરાણોની પ્રાચીનતા ઉપનિષદ્ કાળ સુધી જાય છે. પુરાણોને પંચમવેદ પણ કહ્યા છે. લોકો રામાયણ, મહાભારતની જેમ પુરાણોને પણ વેદ જેટલું મહત્ત્વ આપે છે.

પુરાણોને વ્યાસની રચના માનીએ, તો એમનો રચનાકાળ લગભગ એક જ ઠરે છે; એટલે એક જ કર્તાએ કયા ક્રમે એમની રચના કરી. એ રીતનો રચનાક્રમ વિચારવાનો થાય છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ઈ.સ.પૂર્વે ૩૦૦ માં તેનો રચનાકાળ માન્યો છે. તો કુમારિલ ભટ્ટે આઠમી સદીમાં અને શંકરાચાર્યે નવમી સદી બતાવી છે.

➢ પુરાણોમાં વર્ણિત ચિકિત્સાલક્ષી વિષયો :

(૧) બ્રહ્મવૈવર્ત પુરાણ :

આ પુરાણમાં આયુર્વેદની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. તે અનુસાર બ્રહ્માએ ભાસ્કર (સૂર્ય) ને આયુર્વેદ આપ્યો હતો, પરંતુ આવો ઉલ્લેખ અન્ય ગ્રંથોમાં કયાંય જોવા મળતો નથી.

(૨) અગ્નિ પુરાણ :

આ પુરાણમાં ઔષધિવિજ્ઞાનને લગતાં ઘણાં વર્ણનો મળી આવે છે. પરંતુ તે ખૂબ પાછળથી લખાયેલું હોય તેમ લાગે છે. કારણકે તેના ઘણા શ્લોકો ચરકસંહિતાને મળતા આવે છે.

અહીં વૃક્ષાયુર્વેદ, અનેક રોગ હરનારી મંત્રરૂપ ઔષધિ, મૃત સંજીવનીના સિદ્ધયોગો, હાથી અને અશ્વ જેવાં પ્રાણીઓની ચિકિત્સા, સર્પદંશચિકિત્સા વગેરેના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

(૩) પદ્મ પુરાણ :

આ પુરાણમાં અનેક વનસ્પતિઓનાં નામો પ્રાપ્ત થાય છે. તેમાં તુલસી, વડ, પીપળો, ખાખરો, ગૂગળ, દૂર્વા, પુંડરીક, અઘેડો, કુંવાડીયો ઈત્યાદિનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત આ પુરાણમાં સૂર્યોપાસના દ્વારા અંધત્વ વગેરે રોગો મટે છે એ પ્રકારનું વર્ણન પણ મળે છે.

(૪) ગરુડ પુરાણ :

ગરુડ પુરાણના ૧૪૬ થી ૨૦૧ અધ્યાયોમાં આયુર્વેદ સંબંધી વિસ્તૃતથી વર્ણન મળે છે. પરંતુ આ ઉલ્લેખો આયુર્વેદની અપેક્ષાએ અર્વાચીન છે. તેનો આધાર આયુર્વેદ વિષયક સંહિતાઓ હશે એવું અનુમાન થઈ શકે.

(૫) સ્કંદ પુરાણ :

આ પુરાણમાં આરોગ્યશાળાનો ઉલ્લેખ મળે છે. આ આરોગ્યશાળામાં ચિકિત્સાને લગતાં તમામ સાધનો તથા ઉપકરણોથી યુકત ઔષધના ભંડારમાં વનસ્પતિજ, પ્રાણીજ, ખનીજ આ તમામ વર્ગની ઔષધિઓનો સંગ્રહ રાખવાનું વિધાન થયું છે.

ઉપરોકત પુરાણો ઉપરાંત અન્ય પુરાણોમાં આરોગ્યશાળાઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જે વ્યકિત આરોગ્યશાળાનું નિર્માણ કરાવે છે. તેને અસીમ પુણ્ય પ્રાપ્ત થાય છે. આરોગ્યદાનથી મોટું કોઈ દાન નથી. આમ આરોગ્યશાળા પુણ્ય કમાવાનું સાધન હતું. આ આરોગ્યશાળામાં રોગીને ઔષધિ, ખોરાક ઈત્યાદિની સગવડ સુલભ કરી આપવામાં આવતી.

આમ અહીં આ પ્રકરણમાં વિવિધ પુરાણોમાં જે ચિકિત્સાલક્ષી વર્ણનો પ્રાપ્ત થાય છે. તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રકરણ–૭

ઉપસંહાર

આ પ્રકરણમાં અધ્યેય વિષયના સઘન અધ્યાપનના નિષ્કર્ષરૂપે કેટલાંક તારણો મૂકવામાં આવ્યાં છે.

વિશ્વનો દરેક માનવી સુખી તથા રોગમુકત જીવન જીવવાની કામના સેવે છે. પરંતુ નવ દ્વારવાળી અયોધ્યાનગરીને કયારેય હંમેશ માટે રોગમુકિત મળતી નથી. આવા પ્રકારના શરીરને મનુષ્ય રોગમુકત બનાવવા માટે અનેક પ્રયોગો તેમજ ઝેરી હાનિકારક રસાયણો અને અનેક વિકૃતિઓથી ખદબદતી દવાઓ પોતાના શરીરમાં નાખી પોતાના ભવિષ્યને પોતાના હાથે જ અંધકારમય બનાવે છે. તેથી પ્રસ્તુત સંશોધન લેખમાં કુદરતે બક્ષેલી અનાયાસે પ્રાપ્ત થતી આ ચૈતન્યપ્રદ સ્વાસ્થ્ય જાળવવા માટે ઉપયોગી ઔષધિ વનસ્પતિઓ તેમજ વિવિધ ચિકિત્સા પદ્ધતિઓ દ્વારા રોગમુકિત જીવન જીવવાના માર્ગની છણાવટ કરવામાં આવી છે.

શોધનિબંધમાં અંતે પરિશિષ્ટ–૧ માં ઔષધિઓની વિશેષ નામોની સૂચિ આપવામાં આવી છે અને અંતે સંશોધન માટે ઉપયોગમાં લેવાયેલ સંદર્ભગ્રંથોની સૂચિ રજૂ કરી શોધનિબંધનું સમાપન કર્યું છે.

અસ્તુ.

સ્થળ : સુરત,
તા.   –૧૦–૨૦૧૦.

[ચેતના એસ. ચૌહાણ]
અધ્યેત્રી

આચાર્યશ્રી
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ
સૂરત

[ડૉ. નીના ભાવનગરી]
નિર્દેશિકા